# ઉચ્ચ. પ્રાથ. ૬ થી ૮ વિભાગમાં થયેલ શાળાકીય પ્રવૃત્તિઓ (વર્ષ : ૨૦૨૫-૨૬)

**તા. ૨૬/૪/૨૫ : ગુજરાત રાજ્ય એથ્લેટિક્સ ખેલ મહાકુંભ અંતર્ગત નડિયાદ સ્પોર્ટસ કોમ્પેલક્ષ મુકામે** ૬૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડમાં ભરૂચ જિલ્લામાંથી બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓ **વસાવા સાક્ષી મહેશભાઇ (૭-બ) (૪૦૦ મી ૬૦૦ મી), વસાવા માહી જગદીશભાઇ (૭બ) ૪૦૦ મી દોડ.**

**તા. ૨૯/૬/૨૫ : શાળા પંચાયતની ચૂંટણી :** શાળાનાં વિદ્યાર્થીઓ લોકશાહી મૂલ્યોને જાણે, તેમનામાં નેતૃત્વ શકિતનો વિકાસ થાય. તેમજ વિદ્યાર્થીઓ ઉમેદવારીનો અને મતદાનનો એક ઉમદા અનુભવ પ્રાપ્ત કરે તે હેતુથી શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી. જેમાં શાળાનાં જી.એસ. તરીકે પટેલ આયુષ અલ્પેશકુમાર(૮બ) અને એલ.આર તરીકે વસાવા વિધિશા કમલેશભાઇ (૮બ) જંગી બહુમતીથી ચૂંટાયાં હતાં. જેમણે શપથ વિધિ દ્વારા કાર્યભાર સંભાળ્યો હતો. **કન્વી. : શૈલેન્દ્રસિંહ ગોહિલ**





**વ્યકિતએ કયારેય તકની રાહ ન જોવી જોઇએ. (તકની રાહ ન જુઓ) કારણ જે આજે છે તે જ સૌથી મોટી તક છે.**

**તા. ૧,૨,૩/૭/૨૫ : ધો. ૬ અ/બ, ધો. ૭ અ/બ અને ધો. ૮ અ/બ ની પ્રથમ સત્રાંત વાલી મિટીંગ** યોજાય. જેમાં બાળકનો સર્વાંગી વિકાસ, વિદ્યાર્થીઓમાં સ્વયં શિસ્ત, પરીક્ષાનું માળખું, વિદ્યાર્થીઓની હાજરી, સહઅભ્યાસ પ્રવૃતિઓ, શિસ્ત, સ્વચ્છતા જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી.







**તા. ૧૦/૭/૨૪ : ગુરૂપૂર્ણિમા ઉજવણી :** ગુરૂપૂર્ણિમા એટલે ભકિત અને સમર્પણનો તહેવાર છે. ગુરૂ અને શિષ્યનાં પવિત્ર સંબંધોને ગાઢ બનાવતા આ તહેવારની શાળામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ પોતાનાં શિક્ષણ ગુરૂ એવા શિક્ષકોને કુમ-કુમ તિલક કરી ફૂલ અર્પી તેમનું પૂજન કર્યુ હતું. નારાયણ બાપુની ધૂન અને પ્રાર્થના થકી સમગ્ર વાતાવરણ ભાવમય બની ગયું. **કન્વી. પલ્લવીબેન મહિડા**







**તા. ૪/૭/૨૫ : કોમર્સ વિભાગ વર્કશોપ સેમિનારમાં જિજ્ઞેશભાઇ જોષી, કંચનબેન પરમાર કામગીરીમાં જોડાયાં.**

**તા. ૮/૮/૨૫ : રક્ષાબંધન પર્વની ઉજવણી :** ભારતીય સંસ્કૃતિની પરંપરા જળવાય, વિદ્યાર્થીઓમાં પરસ્પર ભાર-બહેનની પવિત્ર ભાવના જન્મે જેવા ઉમદા ઉપદેશથી શાળામાં રક્ષાબંધન પર્વની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. બહેનોએ ભાઇઓનાં કપાળ પર કુમકુમ તિલક કરી રક્ષા બાંધી શુભેચ્છા પાઠવી હતી. **કન્વીઃ હિનાબેન ભાવસાર**







**તમે એક વાર દ્દઢ નિશ્ચય કરી લેશો તો પ્રારબ્ધે પણ તમને સાથ આપવો પડશે.**